*AAP-011-003202*

# AAP-011-003202 Seat No. _______

## B. P. A. (Sem. II) (Vocal) (CBCS) Examination

**April / May - 2016**

## Principles of Music Vocal - 2

*(Core)*

**Faculty Code : 011**
**Subject Code : 003202**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્ન લખવો ફરજિયાત છે.

૧ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તરવહીમાં જ જવાબ લખો. (૨૦)

(૧) તાલને સમથી સમ સુધી વગાડવામાં આવે તેને શું કહેવાય છે ?
(એ) આવર્તન (બી) તાલી
(સી) ખાલી (ડી) ઠેકો

(૨) રાજા માનસિંહ તોમરે શેની રચના કરી ?
(એ) ધ્રુપદ (બી) ધમાર
(સી) ઠુમરી (ડી) ટપ્પા

(૩) પ્રાચીન કાળમાં ધ્રુપદ ગાનાર ગાયકોને શું કહેવામાં આવતા ?
(એ) કલાપદ (બી) વાગ્ગેયકાર
(સી) કલાવંત (ડી) આપેલમાંથી કોઈ નહિ

(૪) કયા ગીત પ્રકારમાં શબ્દો ઓછા જોવા મળે છે ?
(એ) ધ્રુપદ (બી) ધમાર
(સી) ભજન (ડી) ઠુમરી

(૫) જે નાદની આંદોલન સંખ્યા વધુ હોય તેને .......
(એ) નાનો નાદ (બી) મોટો નાદ
(સી) ઊંચો નાદ (ડી) નીચો નાદ

(૬) એક સપ્તકમાં કુલ કેટલા સ્વર હોય છે ?
(એ) બાર સ્વર (બી) ચોવીસ સ્વર
(સી) તેર સ્વર (ડી) દસ સ્વર

(૭) જે સ્વરથી રાગની ઓળખ થાય છે તે કયા સ્વર તરીકે ઓળખાય છે ?
(એ) સંવાદી સ્વર (બી) અનુવાદી સ્વર
(સી) વિવાદી સ્વર (ડી) વાદી સ્વર

(૮) 'આરોહ' કોને કહેવામાં આવે છે ?
(એ) સ્વરોના ચઢતા ક્રમને (બી) સ્વરોના ઉતરતા ક્રમને
(સી) સ્વરોના સમૂહને (ડી) એક સ્વરથી બીજા સ્વર પર જવું

(૯) તાલની પહેલી તાલીને શું કહેવાય છે ?

(એ) તાલી (બી) ખાલી

(સી) સમ (ડી) ખંડ

(૧૦) ક્રમાનુસાર સાત સ્વરના સમૂહને શું કહેવામાં આવે છે ?

(એ) અલંકાર (બી) અવરોહ

(સી) પક્કડ (ડી) સપ્તક

(૧૧) કયા થાટમાં ચાર સ્વરો કોમળ આવે છે ?

(એ) ભૈરવ (બી) કાફી

(સી) ભૈરવી (ડી) ખમાજ

(૧૨) લયના કેટલા પ્રકાર છે ?

(એ) છ (બી) પાંચ

(સી) ચાર (ડી) ત્રણ

(૧૩) કયા બે સ્વરો એક સાથે એક જ સમયે કયારેય વર્જિત થતાં નથી ?

(એ) પંચમ–નિષાદ (બી) રિષભ – ધૈવત

(સી) ગંધાર– નિષાદ_ (ડી) મધ્યમ – પંચમ

(૧૪) નિયમિત આંદોલન સંખ્યાવાળી ધ્વનિને શું કહેવામાં આવે છે ?

(એ) શ્રુતિ (બી) મુર્છના

(સી) ગ્રામ (ડી) નાદ

(૧૫) કોઈપણ રાગમાં કયો સ્વર કયારેય વર્જિત થતો નથી ?

(એ) ગંધાર (બી) નિષાદ

(સી) ષડ્જ (ડી) પંચમ

(૧૬) ચાર–ચાર શ્રુતિઓ કયા સ્વરોની માનવામાં આવે છે ?

(એ) ષડજ – મધ્યમ – પંચમ (બી) નિષાદ – ગાંધાર

(સી) રીષભ – ધૈવત (ડી) આપેલમાંથી કોઈ નહિ

(૧૭) રાગ શામાંથી ઉત્પન્ન થયેલો હોવો જોઈએ ?

(એ) શ્રુતિ (બી) સ્વર

(સી) સપ્તક (ડી) થાટ

(૧૮) કોઈપણ રાગમાં આવતા વારંવાર ગવાતા સ્વરો કે જેનાથી રાગ સ્પષ્ટ થાય છે તેને શું કહેવાય છે ?

(એ) અલંકાર (બી) સપ્તક

(સી) ગીત (ડી) પક્કડ

(૧૯) પક્કડને બીજું શું કહેવામાં આવે છે ?

(એ) વાદી (બી) મુખ્ય અંગ

(સી) સંવાદી (ડી) આપેલમાંથી કોઈ નહિ

(૨૦) ગાયન–વાદનની ક્રિયામાં જે સ્વરોનો સીધી રીતે ઉપયોગ ન થઈને આડી રીતે ઉપયોગ થાય તેને શું કહેવાય ?

(એ) વક્ર સ્વર (બી) વર્જિત સ્વર

(સી) ન્યાસ સ્વર (ડી) મીંડ

૨ તાલી, ખાલી, સમ, ખંડ તથા આવર્તન વિશે ઉદાહરણ સહિત સમજાવો.

૩ આરોહ–અવરોહ, અલંકાર, પક્કડ તથા તાનની પરિભાષા ઉદાહરણ સહિત સમજાવો.

૪ સરગમ ગીત, લક્ષણ ગીત, બંદિશ, ધ્રુપદ અને ચતરંગની વ્યાખ્યા સમજાવો.

૫ પૂર્વાંગ–ઉત્તરાંગ વિશે લખી, પૂર્વાંગ–ઉત્તરાંગ રાગ સવિસ્તૃત સમજાવો.

૬ રે – ધ અને ગ – નિ કોમળવાળા રાગો વિશે સવિસ્તાર સમજાવો.